सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૮/૦૧/૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | ૦૮/૦૧/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૪/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ / માસ / દીવસ<br>૦૦ / ૦૨ / ૦૬ |

❖~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~❖

**એડી. ચીફ જયુડીશીલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાટણ.**

❖~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~❖

**ક્રિમીનલ કેસ નંબર : ૨૨૩/૨૦૨૬**
**આંક : ૦૮**

**ફરીયાદી ઃ** શ્રી સરકાર

**વિરૂદ્ધ**

**આરોપી ઃ** પટણી રવીભાઈ ગોપાળભાઈ

**ગુન્હો : એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા**
**પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ.**

❖~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~❖

ફરીયાદ પક્ષે ઃ મદદનીશ સરકારી વકીલશ્રી સી.એલ.દરજી
આરોપી પક્ષે ઃ વિ.વ.શ્રી એસ. પી. રોહીત

❖~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~❖

## ❖~~ ચુકાદો ~~❖

(૧) હાલના કામે ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો કરી, એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ મુજબનો ગુનો કરેલ અને આરોપી વિરૂધ્ધ પાટણ સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૧૭૦૨૦૨૫૦૪૯૬/૨૦૨૫ થી ગુનો નોંધવામાં આવેલ અને આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા મળતા આરોપી વિરૂધ્ધ એમ.વી.એકટની કલમ–૧૮૫, ૩, ૧૮૧(૧) તથા પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) મુજબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીએ આ કામે ગુના કબુલાત પુરસીસ આંક–૦૭ થી આપેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે. તેઓ કુટુંબ કબીલાવાળા છે. તેઓ કોર્ટ આગળ દયાની માંગણી કરે છે. આ કામે આંક–૦૬ થી પ્લી રેકર્ડ કરી આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાથી ગુનાની કબુલાત કરે છે કે કેમ ? તેની ખાત્રી કરવામાં આવેલ છે. જેથી ઉપરોકત સંજોગો જોતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**❖~~ હુ ક મ ~~❖**

(૧) આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે એમ.વી.એકટની કલમ–૧૮૫, ૩, ૧૮૧(૧) તથા પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) ના ગુનામાં તકસીરવાન ઠરાવી તેઓને સદર ગુનામાં રૂા.૧,૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૫ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) હુકમની જાણ સબંધિત પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તારીખ ૧૪ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ લોક અદાલત/સ્પે.સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ:–પાટણ**
**તા.૧૪/૦૩/૨૦૨૬**

**(ધીરેન મનહરલાલ ચૌહાણ)**
U.J.C. No.GJ01006
**એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,**
**મુકામ–પાટણ,**
**જીલ્લા–પાટણ.**